-: પ્રેસનોટ :-

અમદાવાદ શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ અનુસંધાને નારણપુરા વિસ્તારમાં ટ્રાફિક ડાયવર્ઝન પ્લાન નં. P-270 to P-300 નવજીવન પ્રેસથી નારણપુરા રેલ્વે ક્રોસીંગ સુધી બાંધકામ શરુ કરવાનું છે. જે અન્વયે નીચે જણાવેલ રસ્તા વન-વે રૂટ રહેશે.

વન-વે રૂટ :

તા.૧૨/૦૧/૨૦૧૮ થી તા.૩૦/૦૬/૨૦૧૯ (૧૮-મહિના) સુધી નારણપુરા રેલ્વે ક્રોસીંગથી નવજીવન પ્રેસ તરફ ટુ-વ્હીલર તેમજ નાના ફોર વ્હીલર વાહનો જઇ શકશે પરંતુ નવજીવન પ્રેસથી નારણપુરા રેલ્વે ક્રોસીંગ તરફ કોઇપણ પ્રકારના વાહનો જઇ શકશે નહી.

વૈકલ્પિક રૂટ :

નવરંગપુરા રેલ્વે ક્રોસીંગથી રેલ્વે ટ્રેકની સમાંતર પુર્વ સાઇડના રોડ (જુની હાઇકોર્ટ) તરફથી નારણપુરા ક્રોસીંગ તરફ જતા વાહનો ઇન્કમટેક્ષ અંડરબ્રિજથી જમણી બાજુ વળી અથવા તો નવજીવન પ્રેસથી જમણી બાજુ વળી આશ્રમ રોડથી ઉસ્માનપુરા થઇ નારણપુરા રેલ્વે ક્રોસીંગ તરફ જઇ શકશે.

નારણપુરા રેલ્વે ક્રોસીંગથી નવજીવન પ્રેસ સુધી ઉપર્યુક્ત રીતે ચાલનાર બાંધકામ અને વાહન વ્યવહાર અંગેની તમામ નાગરિકોને જાણ કરવામાં આવે છે.

તા. ૧૧/૦૧/૨૦૧૮.

(ડૉ.સુધિરકુમાર દેસાઇ)
ઇ/ચા. સંયુક્ત પોલીસ કમિશ્નર
ટ્રાફીક, અમદાવાદ શહેર